PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CI

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૯/ક્વા–૦૨/૧૮–૧૯/ 9452-2 તા. 15-10-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
રમરેચી ગ્રામ પંચાયત કચેરી ( વતી સરપંચશ્રી),
ગામ – રમરેચી – ગીર
તા.તાલાલા–ગીર,
જી.ગીરસોમનાથ
પીનકોડ–૩૬૧૩૨૦
મો: ૯૯૨૫૩ ૦૪૦૭૪

**વિષય :–પાવર સપ્લાય પુરતો ન મળવાથી નાના ઉદ્યોગો ને અસર પડવા બાબત**
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૦–૦૮–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૩૯/ક્વા–૦૨/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી વેરાવળ
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી,તાલાલા

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૩૯/કવા–૦૨/૧૮–૧૯ કમિટી મીટીંગ: તા. ૦૪–૧૦–૧૮ સ્થળ : જુનાગઢ

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: રમરેચી ગ્રામ પંચાયત કચેરી (વતી સરપંચશ્રી), ગામ: રમરેચી

રજુઆત કરનાર: અરજદાર વતી તેમના પ્રતિનીધી તરીકે તેમના ગ્રામ જન પંકજ આર. અધેરા હાજર રહેલ છે.

વિરુધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી,તાલાલા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી વેરાવળ)

રજુઆત કરનાર :ડી.વી.લાખાણી – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી વેરાવળ

## : હુકમ :

ફરીયાદ : પાવર સપ્લાય પુરતો ન મળવાથી નાના ઉર્ધોગો ને અસર પડવા બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ગામ:રમરેચી મા ૧૧ કેવી પીઠડઆઈ જયોતીગ્રામ વીજ ફીડર માથી પાવર સપ્લાય આપવામા આવે છે, સદર ગામ મા તેઓ લઘુ ઉર્ધોગ અને રોજગાર ધંધા ધરાવતા હોય – છેલ્લા ૦૬ માસ થી વીજવિક્ષેપો દિવસ મા ૧૦ વખત આવે છે. જેથી, તેઓના કામ કાજ સમયસર થતા નથી. તેમજ સદર બાબતે પાવર સપ્લાય સતત મળે તે માટે – સંતોષકારક વીજ રીપેરીગ કરાયેલ નથી, તેમજ પાવર સપ્લાય બંધ થવા અંગે ની ફરીયાદ માટે ફોન લાગતો નથી– તેમજ ઉપડતો નથી. જે અંગે અરજદારે યોગ્ય ઘટતુ કરી આપવા – અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |
| ૧.૨ | ફોરમ કમિટી ની તા. ૦૪–૧૦–૧૮ ની મીટીગ મા – અરજદાર શ્રી વતી તેમના પ્રતિનીધી દ્વારા જણાવેલ કે તેઓને વીજપુરવઠો પુરો પાડવામા આવતા ફીડર ની લંબાઈ આશરે ૧૫ કીમી જેટલી છે, તેમજ એક જ હેલ્પર છે. જે લગભગ ૦૩ થી ૦૪ દિવસે એક વખત મળી શકે છે. તેમજ દર શનીવારે પાવર કાપ હોય છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી ગામ:રમરેચી મા ૧૧ કેવી પીઠડઆઈ જયોતીગ્રામ વીજ ફીડર માથી પાવર સપ્લાય આપવામા આવે છે, સદર ફીડરમાથી કુલ ૦૩ ગામ ને પાવર સપ્લાય પુરો પાડવામા આવે છે, જેમા રમરેચી, જેપુર અને ધનેજ ગામ નો સમાવેશ થાય છે. સદર ૧૧ કેવી પીઠડઆઈ જયોતીગ્રામ વીજ ફીડર – તાલાલા ૧૩૨ કેવી સબસ્ટેશન માથી વીજપુરવઠો મેળવે છે. જેમા મહિનાવાર નોધાયેલ વીજવિક્ષેપ ની વિગત અને પુરો પાડવામા આવેલ – સરેરાશ વીજપુરવઠા ની વિગત નીચે મુજબ છે. |

| મહીનો | કુલ કલાકો | આપેલ વીજ સપ્લાયનાં કલાકો | % આપેલ વીજ સપ્લાય |
|---|---|---|---|
| જાન્યુઆરી-૧૮ | ૭૪૪ | ૭૨૪:૨૦ | ૯૭.૩૪ % |
| ફેબ્રુઆરી-૧૮ | ૬૭૨ | ૬૪૮:૧૦ | ૯૬.૪૪ % |
| માર્ચ-૧૮ | ૭૪૪ | ૭૩૨:૧૫ | ૯૮.૪૧ % |
| એપ્રીલ-૧૮ | ૭૨૦ | ૭૧૩:૪૦ | ૯૯.૦૮ % |
| મે-૧૮ | ૭૪૪ | ૭૩૨:૧૦ | ૯૮.૪૦ % |

| | | | |
|---|---|---|---|
| જુન-૧૮ | ૭૨૦ | ૬૬૮:૨૯ | ૯૨.૮૨ % |
| જુલાઇ-૧૮ | ૭૪૪ | ૬૮૧:૪૬ | ૯૧.૫૯ % |
| ઓગસ્ટ-૧૮ | ૭૪૪ | ૭૦૭.૪૫ | ૯૫.૦૯ % |
| સપ્ટે-૧૮ | ૭૨૦ | ૭૦૭.૦૦ | ૯૮.૧૯ % |

ઉપરોક્ત વિગતે સદર ફીડરમાંથી સંતોષકારક વીજપુરવઠો આપવામા આવેલ છે. વધુમાં અન્ય – (૨) ગામોમાથી વીજપુરવઠા બાબતે કોઈ ફરીયાદ મળેલ નથી.

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ તથા ૧.૨ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ગામ:રમરેચી મા તાલાલા ૧૩૨ કેવી સબસ્ટેશન હેઠળ ના – ૧૧ કેવી પીઠડઆઈ જયોતીગ્રામ વીજ ફીડર માથી પાવર સપ્લાય આપવામા આવે છે, જેમા રમરેચી, જેપુર અને ધનેજ ગામ નો સમાવેશ થાય છે. જેમા રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની મહિનાવાર નોંધાયેલ વીજવિક્ષેપ ની વિગત મુજબ– માહે જુલાઈ–૧૮ મા ૯૧.૫૯% સરેરાશ વીજપુરવઠો ઓછામા ઓછો અપાયેલ છે. |
| ૩.૨ | ઉપરોક્ત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે – વીજપુરવઠો ગુણવતાસભર પુરો પાડવા માટે – સદર ૧૧ કેવી પીઠડઆઈ જયોતીગ્રામ વીજ ફીડર નુ વીજસમારકામ દિવસ–૩૦ માં નિયમાધીન રીતે પૂર્ણ કરવુ. તેમજ શકય હોય તેટલા – ખેતીવાડી ફીડર અને જયોતીગ્રામ ફીડર ના ક્રોસીગ દુર કરવાની કાર્યવાહી કરવી, તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતેની કાર્યવાહી કરવાનો આદેશ પીજીવીસીએલ પક્ષકાર ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટે)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.